ક. જીયુવીએનએલ-ટેક- તત્કાલ યોજના-૨૦૧૦ -૯૫૭ તા. ૨૧.૪.૧૧

પ્રતિ

મેનેજીંગ ડીરેકટરશ્રી

મધ્ય / દક્ષિણ / ઉત્તર / પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી

કોર્પોરેટ આફિસ - વડોદરા - સુરત - મહેસાણા - રાજકોટ

વિષય - તત્કાલ યોજના-૨૦૧૦ હેઠળ ખેતી વિષયક વીજ જોડાણ આપવા બાબત.

ઓવર રાઇડીંગ પ્રાયોરીટી મેળવવા ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ સ્વીકારવી.

સંદર્ભ- ૧) જીયુવીએનએલ - ટેક- ૨૨૩ તા. ૧.૨.૧૧

૨) જીયુવીએનએલ - ટેક - તત્કાલ યોજના-૨૦૧૦ -એચએમએસ-૪૨ તા. ૭.૧.૧૧

તા. ૩૦.૯.૧૨ પહેલા જે અરજદારોએ સબંધિત વીજ વિતરણ કંપનીઓ પાસે પોતાની અરજીઓની નોંધણી કરાવેલ હોય માત્ર તેવા જ અરજદારોની તત્કાલ યોજના-૨૦૧૦ હેઠળ સ્વીચ ઓવરની અરજીઓ સ્વીકારવાની સૂચના આપવામા આવેલ હતી.

તત્કાલ યોજના-૨૦૧૦ માટે કેટલીક શરતો અમલી હતી. બીન આદિજાતિ વિસ્તારો માટે તા. ૧૪.૨.૧૧ અને આદિજાતિ વિસ્તારો માટે તા. ૨૮.૨.૧૧ તત્કાલ યોજના-૨૦૧૦ હેઠળ સ્વીચ ઓવરની અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખો હતી. તત્કાલ યોજના-૨૦૧૦ ની શરતો મુજબ અરજદારોએ નીચે પ્રમાણે નો ખર્ચ ભોગવવાનો રહેશે.

૧) સવીર્સ ચાર્જ સિવાય, ટેકનિકલ મંજૂરીની ૮૦ ટકા રકમ

૨) સવીર્સ કનુકશન ચાર્જ

૩) સીકયુરીટી ડીપોઝીટ

૪) એગ્રીમેન્ટ ફી

૫) ટેસ્ટ રીપોર્ટ ફી

નીચે દર્શાવેલ શરતોને આધિન ડ્રીપ ઇરીગેશન સીસ્ટમને પ્રોત્સાહન આપવા માટે તત્કાલ યોજના-૨૦૧૦ અતર્ગત અરજદારોને ઓવર રાઇડીંગ પ્રાયોરીટી આપવાનુ ઠરાવવામા આવેલ.

૧) જે અરજદારોએ નિયતસમય મર્યાદામાં સબંધિત સબડીવીઝનમા સ્વીચ ઓવરની અરજી નોંધાવેલ હોય તેઓને ડ્રીપ ઇરીગેશન સીસ્ટમનો વિકલ્પ આપવામાં આવશે. આ તબકકે જે અરજદારોએ તત્કાલ યોજના-૨૦૧૦ અરજીનીનોંધણીકરાવેલ નં હોય તેઓની અરજીઓને ધ્યાને લેવામાં આવશે નહીં. જે અરજદારો ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ સ્વીકારવા તૈયાર હોય તેઓને સામાન્ય સિંચાઇની અગ્રતા યાદીમા ઓવર રાઇડીંગ પ્રાયોરીટી આપવામાં આવશે.

૨) ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ સ્વીકારવા ઇચ્છુકોએ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની પાસે નોંધણી કરાવવાની રહેશે તથા ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીના નોંધણી પત્ર સાથે સદર યોજના માટે સબંધિત સબડીવીઝન માં નોંધણી કરાવવાની રહેશે.

૩) જે અરજદાર ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની થકી સ્વીકારવા તૈયાર હોય તેઓએ સર્વીસ ચાર્જ સિવાય ટેકનિકલ મંજૂરીની ૫૦ ટકા રકમ ભરવાની રહેશે (નહીં કે ૮૦ ટકા) જે ઉપર (૧) મા દર્શાવેલ છે. એ સિવાય ઉપર દર્શાવેલ તમામ ચાર્જીસ ભરવાના રહેશે.

૪) જે અરજદારોને અગ્રતા ક્રમે વીજ જોડાણ આપવામાં આવેલ હોય તેઓએ ઓછામા ઓછા ૭ વર્ષ સુધી ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ જાળવવાની રહેશે. આવા અગ્રતા ક્રમે આપવામાં આવેલ વીજ જોડાણોમા ચકાસણી દરમીયાન જો ડ્રીપ ઇરીગેશન સીસ્ટમની જાળવણી નહીં કરેલ હોવાનુ જણાશે તો આવા વીજ જોડાણ તાત્કાલીક અસરથી કાપી નાંખવામાં આવશે અને એ સબબ કોઇ રકમ પરત મળવા પત્ર રહેશે નહી.

૫) જે અરજદારોએ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની થકી ફ્રોર પાર્ટી કરાર કર્યાની રસીદ રજૂ કરી હશે માત્ર એવાજ અરજદારોને અંદાજપત્ર આપવામાં આવશે.

૬) ગ્રાહકને ખેતી વિષયક વીજ જોડાણ આપતી વખતે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની તરફથી અપાયેલ ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ તેઓના ખેતરમાં ધારા ધોરણો અને સ્તર પ્રમાણે સ્થાપાયાનુ પ્રમાણપત્ર રજૂ કરવાનુ રહેશે.

૭) જે અરજદારો ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ સ્વીકારવા સંમત હોય તેઓએ પોતાના વિકલ્પ તા. ૧ થી ૩૧ મે ૨૦૧૧પહેલા આપવાના રહેશે.

૮) ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ અંતર્ગત માત્ર " ટપક સિંચાઇ પધ્ધ્તિ " સ્વીકારવાની રહેશે. અન્ય પધ્ધતિઓ ઓવર રાઇડીંગ પ્રાયોરીટી માટે ગ્રાહય રહેશે નહીં.

૯) જે અરજદારોએ ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ સ્વીકારેલ હોય પણ તેનુ સ્થાપન થયેલ ન હોય અને તેઓની અરજીઓ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની ખાતે પડતર હોય તથા તેઓએ તત્કાલ યોજના-૨૦૧૦ માટે નોંધણી કરાવેલ ન હોય પરંતુ તેઓએ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની પાસે તા. ૩૧.૩.૧૧ પહેલા નોંધણી કરાવેલ હોય તેઓ જો ડાર્કઝોન વિસ્તાર અંતર્ગત આવતા ન હોય તો તેઓ સદર યોજનાનો લાભ મેળવી શકશે.

૧૦) ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ હેઠળ ઓછામા ઓછા ૨ હેકટર અથવા કૂલ જમીનનો અડધો હિસ્સો એટલે કે ૫૦ ટકા ( ૫ એકર) જે વધુ હોય તે રહેશે. જે ખેડૂતો ૨ હેકટર થી ઓછી જમીન ધરાવતા હશે તેઓ ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ સ્વીકારી શકશે.

૧૧) વ્યાપક પ્રસાર અર્થે તા. ૧.૫.૧૧ થી ૩૧.૫.૧૧ દરમીયાન રાજ્યના અગ્રણી દૈનિકોમા (સામેલ કરેલ ) વિજ્ઞપ્તીઓ પ્રસિધ્ધ કરવામાં આવશે.

( પી એચ રાણા)

ડાયરેકટર (ટેક)

નકલ રવાના-

- મેનેજીંગ ડીરેકટરશ્રી જીયુવીએનએલ વડોદરા.
- એકઝીકયુટીવ ડાયરેકટરશ્રી (ફાઇનાન્સ) જીયુવીએનએલ વડોદરા.
- લાયઝન ઓફીસર - સાબરમતી.